सत्यमेव जयते

| | |
|---|---|
| **આંક** | ૧૩ |
| **દાખલ તા.** | ૦૧/૦૮/૨૦૧૯ |
| **રજુ કર્યા તા.** | ૦૧/૦૮/૨૦૧૯ |
| **ચાર્જફ્રેમ કર્યા તા.** | ૨૬/૧૦/૨૦૨૧ |
| **તપાસેલ સાક્ષી** | |
| **ફેંસલ કર્યા તા.** | ૧૩/૧૧/૨૦૨૫ |
| **સમય મર્યાદા** | વર્ષ: માસ: દિવસ: |

**મે. ૨૨ માં એડીશ્નલ ચીફ જયુડીશિયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૨૨, મધ્યે,**
**અમદાવાદ શહેર.**

**ફોજદારી કેસ નં.૬૭૬૧૭/ ૨૦૧૯**

ફરિયાદી :- શ્રી સ ર કા ર

વિરૂધ્ધ

આરોપી :- ચિરાગભાઈ કાળીદાસ પટેલ , ઉ.વ. ૩૮,
રહે.:- ૫૩૦/૧/૯, ઓલ્ડ દાલીયા બીલડીંગ,
વી.એસ.હોસ્પીટલ, એલીસબ્રીજ, અમદાવાદ.

**ગુન્હો :- ભારતીય દંડ સંહિતાની કલમ- ૫૦૬(૨), ૫૦૭, ૨૯૪(ખ), ૪૬૭, ૪૬૮ તથા ગુજરાત મની લેન્ડર્સ એકટ ૨૦૧૧ની કલમ-૪૨ મુજબ.**

**સરકાર તરફે :- વિ. એ. પી. પી. શ્રી વી. બી. સોલંકી.**
**આરોપીઓ તરફે :- વિ. વ. શ્રી . એસ.એમ.દેરાસરી.**

**-// ચુકાદો //-**

**(૧)** આ કામની ફરિયાદની ટુંકમાં હકીકત એવી છે કે, સપ્ટેમ્બર ૨૦૧૭થી તા.૦૯/૦૬/૨૦૧૮ કોઈ પણ સમય દરમ્યાન આ કામના આરોપી ધીરધારનો પરવાનો ધરાવતો ન હોવા છતાં ફરિયાદીને ૯,૦૦,૦૦૦/- રૂપિયા ૧૦ટકાના વ્યાજે આપી. ઉચા વ્યાજના દરે રૂપીયાનુ ધીરાણ કરી. ઉંચુ વ્યાજ વસુલ કરી મુડીની રકમ ૧૯,૮૦,૦૦૦/- જેટલી ચુકવી દિધેલ હોવા છતા હજુ પણ વધુ નાણાની ઉઘરાણી કરી પૈસા ન આપો તો ફરિયાદી તથા તેના પરીવારને જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ આ કામના આરોપીએ ફરિયાદી રહે છે તે રહેણાંક મકાનનો વણ વેચાયેલ મિલકત પૈકી ચોથા ભાગની મોર્ગેજ ડીડી ફરિયાદીની માતા પાસેથી લખાવી લીધેલ હોય. જેના આધારે સીટી સર્વે સુપ્રિટેન્ડેટશ્રીની કચેરીમાં આ પ્રોપર્ટીમાં હકક પત્રકે નોંધ દાખલ કરવાની અરજીમાં ફરિયાદીના માતાના નામની ખોટી સહી કરી કરાવડાવી કોર્પોરેશનમાં રજુ કરી તેમજ અવાર નવાર ફોન કરીને નાંણાની ઉઘરાણી કરી, ગંદી ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધાક ધમકી આપી ગુનો કરી પાછળથી પકડાઈ જઈ ગુનો કર્યા બાબતેની ફરિયાદીએ પાલડી પો.સ્ટે.માં તા.૦૭/૦૫/૨૦૧૯ ના રોજ ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૬(૨), ૫૦૭, ૨૯૪(ખ), ૪૬૭, ૪૬૮ તથા ગુજરાત મની લેન્ડર્સ એકટ ૨૦૧૧ની કલમ-૪૨ મુજબની ફરિયાદ કરતાં પોલીસે ફર્સ્ટ ગુના રજી.નં.૪૯/૨૦૧૮ થી ગુનો રજીસ્ટર કરેલ. તપાસ કરનાર અમલદારે તપાસના અંતે પુરાવો જોતાં આરોપીઓ સામે ફોજદારી કાર્યસંહિતાની કલમ-૧૭૩ અન્વયે ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

**(૨)** આ કામના આરોપીઓની સામે ધોરણસરના સમન્સની બજવણી કરતાં તેઓ પોતાના વિ.વ.શ્રી મારફત હાજર થયા હતાં અને તેમને ફોજાદારી કાર્યરીતી સંહિતાની કલમ-૨૦૭ ની જોગવાઇઓને આધીન રહી પોલીસના તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે પુરી પાડવામાં આવી હતી. ત્યારબાદ આ કામના આરોપીઓ સામે આક્ષેપીત ગુનાનું તહોમતનામું આંક-૦૩ થી ફરમાવી વાંચી, સમજાવી આરોપીની પ્લી આંક-૦૪ થી રેકર્ડ કરતાં આરોપીઓને ગુન્હો કબુલ ન હોવાથી ફરિયાદપક્ષના પુરાવા પર મુકવામાં આવેલ.

**(3)** ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારૂં નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**-: ફરિયાદપક્ષનો મૌખિક પુરાવો :-**

| ક્રમ | આંક | સાહેદનું નામ | વિગત |
|---|---|---|---|
| ૧. | ૦૮ | વીરલ વસંતરાય જોષીની સોગંદ પરની જુબાની. | ફરિયાદી સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૨. | ૧૦ | પદમાબેન વસંતરાય જોષીની સોગંદ પરની જુબાની. | સાહેદ |
| ૩. | ૧૧ | નેહાબેન વીરલભાઈ જોષીની સોગંદ પરની જુબાની. | સાહેદ |

**-: ફરિયાદપક્ષનો દસ્તાવેજી પુરાવો :-**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૯ | ફરિયાદ. |

**(૪)** સદર કામે ફરિયાદપક્ષે ફરિયાદી સાહેદે આંક-૧૨ થી પુરાવો બંધ કરવાની પુરશીશ રજુ કરતાં ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવા વિનંતી કરતાં ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

**(૫)** વધુમાં, આ કામે ફો.કા.સં. ની કલમ-૩૧૩ ની જોગવાઇઓ ધ્યાને લેતાં પ્રત્યેક ન્યાયીક કાર્યવાહીમાં ફરિયાદપક્ષના સાહેદો તપાસાઇ ગયા બાદ તથા આરોપીએ પોતાના બચાવ માટે જણાવવામાં આવે ત્યારે પહેલા સમગ્ર કેસ બાબતે પુછવાની જોગવાઇ છે. જેથી આરોપી વિરૂધ્ધ ફરિયાદપક્ષે જે પુરાવો રજુ થયેલ હોય તેના ખુલાસા કરવા આરોપીને તક આપવી જોઇએ. સમગ્ર કેસની કાર્યવાહી તથા પુરાવા જોતાં આ કામે આરોપી વિરૂધ્ધ કોઇ ખુલાસા લાયક પુરાવો પડેલ નથી, આરોપીના વિશેષ નિવેદનનો કોઇ પ્રશ્ન રહેતો નથી. વધુમાં, ફો.કા.સં. ની કલમ-૩૧૩(બી) ધ્યાને લેતાં કોર્ટ ધ્વારા જયારે આરોપીની અંગત હાજરી વગર કાર્યવાહી કરેલ હોય ત્યારે ફો.કા.સં. ની કલમ-૩૧૩(૧)(બી) માં જણાવેલી તપાસણી વગર કેસનો નિર્ણય કરી શકાશે. આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફો.કા.સં. ની કલમ-૩૧૩ અન્વયેનું આરોપીનું નિવેદન લીધેલ નથી તેમજ / અથવા જરૂર જણાય આવતી નથી.

**(૬)** ત્યારબાદ સદર કામે વિસ્તૃત દલીલો સાંભળવામાં આવી.

**(૭)** ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રેકર્ડની ઉપર રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતાં મારી સમક્ષ નિર્ણય માટે નીચેના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

(૧) શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, સપ્ટેમ્બર ૨૦૧૭થી તા.૦૯/૦૬/૨૦૧૮ કોઈ પણ સમય દરમ્યાન આ કામના આરોપી ધીરધારનો પરવાનો ધરાવતો ન હોવા છતાં ફરિયાદીને ૯,૦૦,૦૦૦/- રૂપિયા ૧૦ટકાના વ્યાજે આપી. ઉચા વ્યાજના દરે રૂપીયાનુ ધીરાણ કરી. ઉંચુ વ્યાજ વસુલ કરી મુડીની રકમ ૧૯,૮૦,૦૦૦/- જેટલી ચુકવી દિધેલ હોવા છતા હજુ પણ વધુ નાણાની ઉઘરાણી કરી પૈસા ન આપો તો ફરિયાદી તથા તેના

પરીવારને જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ આ કામના આરોપીએ ફરિયાદી રહે છે તે રહેણાંક મકાનનો વણ વેચાયેલ મિલકત પૈકી ચોથા ભાગની મોર્ગેજ ડીડી ફરિયાદીની માતા પાસેથી લખાવી લીધેલ હોય. જેના આધારે સીટી સર્વે સુપ્રિટેન્ડેટશ્રીની કચેરીમાં આ પ્રોપર્ટીમાં હકક પત્રકે નોંધ દાખલ કરવાની અરજીમાં ફરિયાદીના માતાના નામની ખોટી સહી કરી કરાવડાવી કોર્પોરેશનમાં રજુ કરી તેમજ અવાર નવાર ફોન કરીને નાંણાની ઉઘરાણી કરી, ગંદી ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધાક ધમકી આપી ગુનો કરી પાછળથી પકડાઈ જઈ ગુનો કરીભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૬(૨), ૫૦૭, ૨૯૪(ખ), ૪૬૭, ૪૬૮ તથા ગુજરાત મની લેન્ડર્સ એકટ ૨૦૧૧ની કલમ-૪૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કર્યો છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદાઓના જવાબ નીચે મુજબ આપું છું.

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

**-// કા ર ણો //-**

(૯) **<u>મુદ્દા નં. ૦૧ ની ચર્ચા :-</u>**

**(૯.૧)** હવે, આ કામે ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લઇએ તો, ફરિયાદપક્ષે ફરિયાદી સાહેદ વીરલ વસંતરાય જોષી તેમના કેસના સમર્થનમાં આંક-૦૮ થી સાહેદે તેમની સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, ૨૦૧૮ની સાલમાં તેમને ડીવાઈન ફ્રુટસ નામની પેઢીમાં નોકરી કરતા હતા. ૨૦૧૮ની સાલમાં તેમને ચીરાગભાઈ સાથે પૈસાની લેતી-દેતીમાં બોલાચાલી થયેલી. જેથી તેમને ફરિયાદ કરેલી. તેમને આંક-૦૯ વાળી ફરિયાદ બાતાવતા તેમાં તેમની સહી ઓળખી બતાવે છે. આરોપીને ઓળખે છે. આ સાહેદ તેમની સોગંદ પરની સરતપાસમાં ફરિયાદની કોઇ હકીકતને સમર્થન કરતાં ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલા છે અને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછતાં તેમાં પણ સાહેદ તેમની ફરિયાદની કોઇ હકીકતને સમર્થન કરતાં નથી.

**(૯.૨)** વધુમાં, આ કામે ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લઇએ તો, ફરિયાદપક્ષે સાહેદ પદમાબેન વસંતરાય જોષી તેમની આંક-૧૦ની સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, ૨૦૧૮ની સાલમાં તેમનો દીકરો વીરલ ડીવાઈન ફ્રુટસ નામની પેઢીમાં

નોકરી કરતો હતો. ૨૦૧૮ની સાલમાં તેને ચીરાગભાઈ સાથે પૈસાની લેતી-દેતીમાં બોલાચાલી થયેલી. જેથી તે બાબતે તેમના દીકરાએ ફરિયાદ કરેલી. આરોપીને ઓળખે છે. આ સાહેદ તેમની સોગંદ પરની સરતપાસમાં ફરિયાદની કોઇ હકીકતને સમર્થન કરતાં ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલા છે અને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછતાં તેમાં પણ સાહેદ તેમની ફરિયાદની કોઇ હકીકતને સમર્થન કરતાં નથી.

**(૯.3)** વધુમાં, આ કામે ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લઇએ તો, ફરિયાદપક્ષે સાહેદ નેહાબેન વીરલભાઈ જોષી તેમની આંક-૧૧ની સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, ૨૦૧૮ની સાલમાં તેમના પતી વીરલ ડીવાઈન ક્રુટસ નામની પેઢીમાં નોકરી કરતા હતા. ૨૦૧૮ની સાલમાં તેમને ચીરાગભાઈ સાથે પૈસાની લેતી-દેતીમાં બોલાચાલી થયેલી. જેથી તે બાબતે તેમના પતિએ ફરિયાદ કરેલી. આરોપીને ઓળખે છે. આ સાહેદ તેમની સોગંદ પરની સરતપાસમાં ફરિયાદની કોઇ હકીકતને સમર્થન કરતાં ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલા છે અને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછતાં તેમાં પણ સાહેદ તેમની ફરિયાદની કોઇ હકીકતને સમર્થન કરતાં નથી.

**(૧૦)** વધુમાં, સદર કામે ફરિયાદીએ આંક-૧૨ થી રજુ પુરાવા બંધની પુરશીશ રજુ કરતાં, અન્ય કોઇ સાહેદોને આ કામે તપાસવામાં આવેલા નથી. જેથી, રજુ થયેલા દસ્તાવેજી પુરાવાની હકીકતે આરોપી સામે આક્ષેપીત ગુનો પુરવાર કરવા માટે તેનો ઉપયોગ કરી શકાય તેમ નથી કારણ કે, કોઇપણ દસ્તાવેજી પુરાવાને મૌખિક પુરાવાથી સમર્થન મળતું હોય ત્યારે જ તે દસ્તાવેજી પુરાવાની હકીકતે આરોપી સામેના આરોપમાં ઉપયોગમાં લઇ વંચાણે લઇ શકાય તેવો કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે અને એવીડન્સ એકટની કાયદાકીય જોગવાઇને પણ આ તબકકે ધ્યાને લઇને તેનું પુરાવાકીય મુલ્યાંકન કરવાનું રહે છે. આમ, આ કામે જે દસ્તાવેજ પુરાવા તરીકે રજુ કરેલ છે તેના સાહેદોના મૌખિક પુરાવાના અભાવે આ દસ્તાવેજી પુરાવાને સમર્થન મળેલ નથી. જેથી, સદર કામના આરોપીઓએ જ ફરિયાદીએ તેમની ફરિયાદમાં જણાવ્યા મુજબનો ગુન્હો કર્યો હોય તેવી કોઇ હકીકત ફરિયાદપક્ષ તમેના પુરાવાથી પુરવાર કરી શકેલ નથી. જેથી, આ દસ્તાવેજી પુરાવાને વંચાણે લઇ તેનો ઉપયોગ આરોપીઓની વિરૂધ્ધમાં કરી શકાય નહીં, તેમ આ અદાલતનું માનવું છે.

**(૧૧)** આમ, સદર કામે ફરિયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતાં સદર કામે ફરિયાદી સાહેદ વીરલ વસંતરાય જોષી તેમની આંક ૦૮ થી રેકર્ડ કરેલ જુબાની, તેમજ સદર રેકર્ડ વંચાણે લેતાં સાહેદ હોસ્ટાઇલ જાહેર થયેલા છે અને તેઓ જણાવે છે કે એ વાત ખરી છે કે આરોપી સાથે પૈસાાની લેતી-દેતીમાં બોલાચાલી થયેલ હતી. આમ, આ સાહેદના પુરાવાથી

ફરિયાદપક્ષે સમર્થન કરતો હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ નથી અને રજુ પુરાવાથી સાહેદોને આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી સિવાય બીજુ કાંઇ બનેલ નથી અને સદર કામના આરોપીઓએ ફરિયાદી સાથે સામાન્ય બોલાચાલી કરેલ. આમ, આ કામના સાહદે આરોપીઓ સામેના આક્ષેપીત ગુનાના આવશ્યક તત્વોને સમર્થન કરેલ ન હોય તે હકીકતો પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે.

**(૧૨)** આમ, જયારે ફરિયાદી સાહેદ વીરલ વસંતરાય જોષી ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતાં ન હોય અને ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ સાબિત કરવામાં સદંતર નિષ્ફળ રહેતાં હોય અને પડેલ પુરાવાથી કોર્ટને એવું જણાઇ આવે કે, બાકી સાહેદોને તપાસવાથી પણ ફરિયાદપક્ષ પોતાનો કેસ સાબિત કરવામાં સફળ થાય તેમ નથી, ત્યારે કોર્ટને વધુને વધુ સાક્ષીઓ તપાસવાની ઔપચારીકતા નિભાવીને કોર્ટનો મૂલ્યવાન સમય વેડફવો ન જોઇએ અને ઉપરોકત સિધ્ધાંત નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા પોતાના ચુકાદા જેવા કે, (૧) ૧૯૯૬(૩) ક્રાઇમ્સ પાના નંબર : ૮૫ સતીષ મહેતા વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેશન અને (૨) ૨૦૦૮(૩) - ક્રિ. લો. જનરલ - ૨૨૪૩, મદન મોહન અબ્બોટ વિ. સ્ટેટ ઓફ પંજાબ અને હરિયાણા - સુપ્રિમ કોર્ટમાં પ્રસ્થાપિત કરવામાં આવેલા છે. સદર સિધ્ધાંતને અનુસરીને અત્રેની અદાલત ધ્વારા ફરિયાદપક્ષનો પુરાવો પૂર્ણ કરેલ છે અને પડેલ પુરાવાથી ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોવાના તારણ પર આવેલ છે.

**(૧૩)** હાથ પરના કેસમાં રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં તેમજ કેસની હકીકત, સંજોગો તથા થયેલ દલીલો ધ્યાને લેતાં ફરિયાદ હકીકત મુજબનો ગુનો બનેલ હોય તેવું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. તેમજ ફરિયાદપક્ષ આરોપીઓને ગુન્હા સાથે સાંકળતો સીધો કે પ્રાથમિક પુરાવો રેકર્ડ પર રજુ કરેલ શકેલ નથી કે એવી કોઇ ક્રમબધ્ધ પુરાવાની અતુટ સાંકળ રચાતી નથી કે જેના કારણે આરોપીને ગુન્હા સાથે સાંકળી શકાય. તેમજ એવો કોઇ સાંયોગિક પુરાવો પણ રેકર્ડ પર રજુ કરેલ નથી કે, જેથી આરોપીઓએ ફરિયાદ હકીકત મુજબનો ગુન્હો આચરેલ હોય તેવું અનુમાન થઇ શકે. જેથી, ઉપર મુજબ મુદ્દા નંબર - ૦૧ નો નિર્ણય " **નકારમાં** " ઠરાવી મુદ્દા નંબર - ૦૨ અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-// હુ ક મ //-**

- સદર કામે પાલડી પો.સ્ટે. ના ફર્સ્ટ ગુના રજી.નં.૪૯/૨૦૧૮ , ક્રિમી. કેસ નં. ૬૭૬૧૭/૨૦૧૯ના કામે આરોપી ચિરાગભાઈ કાળીદાસ પટેલ નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ- ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૬(૨), ૫૦૭, ૨૯૪(ખ), ૪૬૭, ૪૬૮

તથા ગુજરાત મની લેન્ડર્સ એકટ ૨૦૧૧ની કલમ-૪૨ મુજબનાં શિક્ષાને પાત્ર ગુનાઓ માંથી પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- આ કામે દરેક આરોપીએ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૪૩૭(એ) મુજબ રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા ઉપરની અદાલતમાં જો અપીલ થાય તો તેમાં હાજર રહેવા માટેના આપવા.

આ હુકમ આજ રોજ તા. ૧૩ મી, માહે- નવેમ્બર , સને-૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તા.૧૩/૧૧/૨૦૨૫ (ડો. ભારતી ગોવિંદભાઇ રાઠોડ)

સ્થળ :- અમદાવાદ. ૨૨ માં એડી. ચીફ જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ,

કોર્ટ નં. ૨૨, અમદાવાદ શહેર.

UNIQUE CODE GJ - 01481

#J.D.BABARIYA#